PG CL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/કવા-૦૧/૧૮-૧૯/ 7771 તા. 20-08-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રબારી ભારમલ વેરસલ,
ગામ: ચાચલાણા , વાડી વિસ્તાર
તા.કલ્યાણપુર, - 361320
જી. દેવભુમી દ્વારકા

વિષય :-ખેતીવાડી જોડાણ ના ભાવપત્રક બાબત
સંદર્ભ:- આપની અરજી , તા. ૩૧-૦૫-૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૫/કવા-૦૧/૧૮-૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ - સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૫૫/કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૨.૦૬.૧૮, ૧૭.૦૭.૧૮,૧૦–૦૮–૧૮ સ્થળ : દ્વારકા

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: રબારી ભારમલ વેરસલ, ગામ: ચાચલાણા

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

**રજુઆત કરનાર :આર.વી.સોમાણી – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી જોડાણ ના ભાવપત્રક બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ પશુપાલન માટે રખડતુ જીવન જીવનાર માણસ હોય – તેઓએ કલ્યાણપુર તાલુકાના ગામ:ચાચલાણા એ ખેતીની જમીનના કુવા પર જોડાણ ની માંગણી કરેલ હતી. જે અન્વયે ના ભાવપત્રક ભરપાઈ કરવાની તારીખના સમયગાળા મા તેઓ પશુપાલન માટે બહારગામ હોવાથી ભાવપત્રક ની તારીખ જતી રહેલ હોવાના કારણોસર, સદર વીજ જોડાણ રદબાતલ થઈ ગયેલ હોય, તે જોડાણ તેઓને મળવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી રબારી ભારમલ વેરસલ કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા રે. ચાચલાના ગામે આવેલ ૨૧૮ પૈકી ૨ સર્વે નં જમીનમાં તા. ૧૦.૦૧.૨૦૦૭ ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ ની માગણી કરેલ.જે અનુસંધાનેપેટા વિભાગીય કચેરી દ્વારા સદર ખેતીવાડી વીજ જોડાણ માટે તા. ૧૧.૦૯.૨૦૧૫ ના રોજ રવાનગી નં કેપીએસડી/ટેક/૫૨૫૦ થી અંદાજપત્ર આપવામાં આવેલ જે રજીસ્ટર એડી ની રસીદ મુજબ અરજદારને સમયસર મળી ગયેલ છે. સદર બાબતે અરજદાર દ્વારા કરેલ રજૂઆત માં જણાવેલ કે અરજદારે પેટાવિભાગીય કચેરી ખાતે અંદાજપત્ર ભરવા માટેની સમય મર્યાદા માંગેલ એવો કોઈ દસ્તાવેજી પુરાવો રેકોર્ડ તપાસતા જણાતો નથી જેથી અરજદારે સમય મર્યાદા માટે અરજી કરેલી નથી એવું સ્પષ્ટ થાય છે. જેથી અરજદારનું સદર વીજ જોડાણ માટેનું અંદાજપત્ર સમય મર્યાદા માં ભરપાઈ ના કરવાને લીધે "નોટ પેઇડ કેન્સલ "થયેલ છે. જેથી અરજદારનું ખેતીવાડી કોટેશન ભરવા બાબતની અરજી માન્ય રાખી શકાય નહીં. જે બાબતની પેટા-વીભાગીય કચેરી દ્વારા અરજદારને તા. ૨૦.૦૬.૨૦૧૮ થી લેખિતમાં જાણ કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને — પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને ફોરમ કમિટી મીટીંગમાં રૂબરૂ રજૂઆત કરવા માટે **સીજીઆરએફ મીટીંગઃ** તા. ૨૨.૦૬.૧૮, ૧૭.૦૭.૧૮,૧૦–૦૮–૧૮ માં હાજર રહેવા લેખિત માં જાણ કરવા છતાં ફરિયાદી શ્રી રબારી ભારમલ વેરસલ હાજર રહેલ નથી.<br><br>ફરિયાદી શ્રી રબારી ભારમલ વેરસલ કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા રે. ચાચલાના ગામે આવેલ ૨૧૮ પૈકી ૨ સર્વે નં જમીનમાં તા. ૧૦.૦૧.૨૦૦૭ ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ ની માગણી કરેલ જે અનુસંધાને સામાવાળા દ્વારા તા. ૧૧.૦૯.૨૦૧૫ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ જે રજીસ્ટર એડી ની રસીદ મુજબ અરજદારને સમયસર મળી ગયેલ છે.<br><br>તેમજ અરજદારની લેખિત રજુઆત અન્વયે તા. ૩૦.૧૧.૨૦૧૫ ના રોજ સામાવાળાને ભાવપત્રક મળેલ ના હોઈ સદર ભાવપત્રક ભરવાની સમય મર્યાદા વધારી આપવાની અરજી કરેલ છે પરંતુ સદર બાબતે સામાવાળા ની લેખિત રજૂઆત મુજબ સદર બાબતે સમય મર્યાદા માંગેલ એવો કોઈ દસ્તાવેજી પુરાવા રેકોર્ડ તપાસતા જણાતો નથી જેથી અરજદારે સમય મર્યાદા માટે અરજી કરેલી નથી એવું સ્પષ્ટ થાય છે. આમ, અરજદારનું સદર વીજ જોડાણ માટેનું અંદાજપત્ર સમય મર્યાદા માં ભરપાઈ ના કરવાને લીધે "નોટ પેઇડ કેન્સલ "થયેલ છે.<br><br>આમ ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા સમયસર નિયમાધીન કાર્યવાહી કરેલ નથી જેથી સદર કેઈસમાં અરજદારની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહિ તેમ ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ થયેલ છે |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**